જીવનમાં ખૂટે ના હામ...
નહિંતર સમજો ખેલ
તમામ...
- મુસાફીર પાલનપુરી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૪૪ | ૧૭ નવેમ્બર, ૨૦૧૪, સોમવાર ; કારતક વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## જિલ્લાની ૨૦ શાળાઓનું અપગ્રેડેશન

### જિલ્લામાં ૫૦૦ થી વધુ બાળકો ધરાવતી શાળાની સંખ્યા ૪૫ થી વધુ છે : બે તબક્કામાં અપગ્રેડેશન કરાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાની ૨૦ જેટલી પ્રાથમિક શાળાઓના અપગ્રેડેશન માટેની દરખાસ્ત જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા આગામી દિવસોમાં કરવામાં આવશે.

રાજ્ય સરકારે ૫૦૦ થી વધુ બાળકો ધરાવતી શાળાઓના અપગ્રેડેશન માટેના કરેલા સૈદ્ધાંતિક નિર્ણયને પગલે જિલ્લાતંત્ર દ્વારા આ અંગેની કવાયત હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં ૫૦૦ થી વધુ બાળકોની સંખ્યા ધરાવતી શાળાઓની સંખ્યા ૪૫ થી વધુ છે. જો કે આ અંગે હજુ પ્રાથમિક તબક્કામાં આ કાર્યવાહી હોવાથી સંખ્યામાં વધારો થઈ શકે છે તેમજ આ માટે શાળાની આયુ, જગ્યાની ઉપલબ્ધિ, જરૂરિયાત સહિતની બાબતો અંગે દરખાસ્તમાં વિગતવાર અહેવાલ દર્શાવવાનો હોઈ જિલ્લાતંત્ર હાલ ઉતાવળમાં પણ નથી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા ઝુંબેશની સાથે સાથે પ્રવેશોત્સવનો કાર્યક્રમ સંપન્ન થયો છે. રાજ્ય સરકારે આ અંગેની દરખાસ્તો આગામી માસના અંત સુધીમાં અને ત્રણ વર્ષમાં કામગીરી પૂર્ણ થાય તે રીતે આયોજન તૈયાર કરી મોકલવા જણાવ્યુ હોવાથી પ્રથમ તબક્કામાં ૨૦ જેટલી પ્રા. શાળાઓનો સમાવેશ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

શિક્ષણ સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ જિલ્લામાં નવા વર્ગખંડોના નિર્માણની કામગીરી અગ્રતા પર છે. ડિસેમ્બર-૨૦૧૪ સુધીમાં ૫૦ જેટલા નવા વર્ગખંડો તૈયાર કરી દેવાના હોવાથી તંત્ર તેમાં વધુ વ્યસ્ત છે. જિલ્લામાં એક ગ્રીન બિલ્ડીંગ વિચારને આધારે પણ એક પ્રા. શાળાના નિર્માણની કામગીરી ચાલુ છે જે તેના અંતિમ તબક્કામાં છે.

આમ આગામી દિવસોમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી અંતર્ગત લેવાયેલા નિર્ણયો અને ગતિશીલ ગુજરાતના લક્ષ્યાંકો પૂર્ણ કરવાની બાબતો અગ્રતા ધરાવતી હોવાથી આગામી માસાન્તે આખી દરખાસ્ત તૈયાર કરી રાજ્ય સરકારને મોકલી આપવામાં આવશે.

દરમ્યાન શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી જણાવ્યાનુસાર રાજ્ય સરકાર જિલ્લામાંથી મળેલી દરખાસ્તોને આધારે વિગતવાર એક આવેદન-પત્ર તૈયાર કરી અને જાન્યુઆરીના અંતમાં કેન્દ્રને આપશે જેથી નવા વર્ષના બજેટમાં તે અંગે જોગવાઈ થઈ શકે. રાજ્ય સરકારે આ બાબતનો અતિ ગંભીરતાથી હાથ ધરી છે.



આદુ-હળદર : શિયાળાનું અમૂલ્ય ઔષધ આદુ અને હળદર સામાન્ય માનવી માટે ઉપકારક છે... ઠંડીની સામે રક્ષણ માટે શરદી, ખાંસીમાં રગોપ્રતિકારક શક્તિ નિર્માણ માટે તેમજ શારિરીક ઉર્જાની વૃદ્ધિ માટે આદુ અને હળદર ખૂબ જ ઉપયોગી છે... લીલી હળદર તો શિયાળામાં મધ્યમવર્ગીય સમાજની ભોજન થાળીનું અનિવાર્ય અંગ છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## જિલ્લામાં ૨૦ હજાર વાહનચાલકોને ૧૩ લાખ દંડ



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૬

ટ્રાફિક ઝુંબેશ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસે ભારે સપાટો બોલાવ્યો છે અને ૧૦ દિવસમાં ૨૦ હજારથી વધુ ટુવ્હીલર અને ફોર વ્હીલર વાહન ચાલકોને દંડી રૂ. ૧૩ લાખનો દંડ વસુલ્યો છે. પોલીસની આ કામગીરીથી વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વર્તમાન સમયે વાહનોની સંખ્યામાં અને વાહનોના કારણે થતા અકસ્માતોમાં નોંધપાત્ર વધારો થયો છે. જેમાં અસંખ્ય લોકો પોતાના જીવ ગુમાવ્યા છે ત્યારે માર્ગ અકસ્માતમાં ઘટાડો થાય અને વાહનચાલકો ટ્રાફિકના નિયમોનું યોગ્ય પાલન કરે તે માટે પોલીસે હાલ ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી છે.

પોલીસ ગત ૬ નવેમ્બરથી રાજ્યવ્યાપી ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી વાહન ચાલકોને ટ્રાફિકના પાઠ ભણાવી રહી છે. ગાંધીનગર જિલ્લામાં પણ પોલીસ આ ઝુંબેશમાં સક્રિય બની. છેલ્લા ૧૦ દિવસમાં ભારે સપાટો બોલાવ્યો છે. જેમાં સીટ બેલ્ટ વગર, હેલ્મેટ વગર, લાયસન્સ વગર, પુરાવા વગર, પી.યુ.સી. વગર, બ્લેક ફિલ્મ લગાવેલી હોય તેવા વાહન ચાલકોને સ્થળ પર જ દંડ વસુલ્યો હતો અને જિલ્લા ભરમાં પોલીસે અંદાજે રૂ. ૧૩ લાખથી વધુનો દંડ વસુલ્યો હતો.

## ગાંધીનગરના ડેપ્યુટી કલેક્ટર ગુણવંતસિંહને વસ્તી ગણતરી માટે રાષ્ટ્રપતિનો સિલ્વડ મેડલ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લામાં જમીન સુધારણાના નાયબ કલેકટરશ્રી જી.એચ. સોલંકીને વસ્તી ગણતરી ૨૦૧૧માં શ્રેષ્ઠ કામગીરી કરવા માટે રાષ્ટ્રપતિ તરફથી સિલ્વડ મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે.

શ્રી સોલંકીની સેવાઓ રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત થતાં જિલ્લા વહીવટીતંત્રમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

૨૦૧૧ની વસ્તી ગણતરીમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ તેમને આ પ્રમાણપત્ર અને મેડલ ૧૨મી નવેમ્બર ૨૦૧૪ના રોજ એનાયત કરવામાં આવ્યો છે. શ્રી સોલંકી વલસાડમાં આર.ડી.સી. તરીકે ફરજો બજાવતા હતા ત્યારે તેમણે આ કામગીરી કરી હતી. શ્રી સોલંકીને વિધાનસભાની ચૂંટણી ૨૦૧૨માં શ્રેષ્ઠ ચૂંટણી અધિકારી તરીકે જિલ્લા કક્ષાએ પસંદગી થઈ હતી જે ઉલ્લેખનીય છે.

શ્રી સોલંકી ગાંધીનગર અગાઉ રાજુલા તેમજ વિરમગામ પ્રાંત તરીકે સરાહનીય કામગીરી બજાવી ચુકયા છે જયારે વલસાડ આર.ડી.સી. તરીકે તેમણે વસ્તી ગણતરીમાં શ્રેષ્ઠ કામગીરી કરી હતી. શ્રીસોલંકી ઉપરાંત અમદાવાદના તત્કાલીન આર.ડી.સી. શ્રી એચ.એમ. જાડેજાની પસંદગી પણ આ મેડલ અને પ્રમાણપત્ર માટે કરાઈ છે.



ટ્રાફિક સપ્તાહ નિમિત્તે બાઈક રેલીનું આયોજન કરાયું હતું જેમાં ટ્રાફિક પોલીસ પણ જોડાયા હતા.

## ઔડાના પક્ષપાતી વલણ સામે આક્રોશ

### ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે ઔડાની અનદેખી સામે ધારાસભ્ય બળદેવજી ઠાકોરનો રોષ

ગાંધીનગર, તા. ૧૬

કલોલ તાલુકાના પૂર્વ વિસ્તાર અને ગાંધીનગરના પૂર્વ વિસ્તારને વિકાસ માટે ઔડા દ્વારા નજર અંદાજ કરવામાં આવી રહ્યાની ફરિયાદ કોંગ્રેસના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર ગઈકાલે મળેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિમાં કરી હતી.

અમદાવાદની સાથે સાથે ઔડામાં સમાવિષ્ટ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની જાણી જોઈ અનદેખી કરવામાં આવતી હોવાની ફરિયાદ કરતાં શ્રી ઠાકોરે ઓ.એન.જી.સી.ના સત્તાવાળાઓ દ્વારા એન.ઓ.સી. પ્રમાણપત્રો પણ સમયસર નહિ અપાતા હોવાની ફરિયાદ કરી હતી.

જિલ્લા કલેક્ટર શ્રી રવિ શંકરે જણાવ્યું હતું કે સંતુલિત વિકાસ એ સરકારનો સિદ્ધાંત છે. વિકાસ માટેની આખી યોજના ઔડાએ તૈયાર કરી છે. આપે ત્યાં આ બાબત હાથ ધરવી જોઈએ. જિલ્લાતંત્ર આપની આ લાગણી ચોક્કસ પહોંચાડશે.

ઓ.એન.જી.સી. દ્વારા અપાયેલ એન.ઓ.સી. અને નહિ અપાયેલી મંજૂરીઓ બાબતે તેમણે ઓ.એન.જી.સી.ના સત્તાવાળાઓને તાત્કાલિક આ અંગેનો વિગતવાર અહેવાલ રજુ કરવા પણ જરૂરી સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત પાઈપલાઈન જ્યાંથી પસાર થતી હોય ત્યાં થયેલા બાંધકામોને લઈ પણ તપાસ કરવા માટે સૂચવ્યુ છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં અધિકારીઓને કુપોષણ મુક્ત જિલ્લો બનાવવા અધિકારીઓ આંગણવાડી દત્તક લે તેવુ પણ સૂચવ્યું હતું. આ અંગેની જરૂરી સંકલન જિલ્લા વિકાસ અધિકારીશ્રી સાથે સંકલનમાં રહી ઝડપથી પૂર્ણ કરવા માટે પણ તેમણે જણાવ્યું હતુ.










ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧